©

सत्यमेव जयते

REGISTERED No. GRJ-24

# The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

*PUBLISHED BY AUTHORITY*

VOL. IL] SATURDAY, 15TH MARCH, 2008/PHALGUNA 25, 1929 [ No. 15

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

**PART-II** **EXTRAORDINARY**

## સુરત મહાનગરપાલિકા

મોજે : ગોડાદરા અને ડીંડોલી વિસ્તારની નગર રચના યોજના સુરત નં. ૬૯
(ગોડાદરા-ડીંડોલી) તૈયાર કરવા બાબત

## અધિસુચના

નં. ટીપીડી-૭૯૯૧.-ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૭-૧૨-૦૬ના હુકમ ક્રમાંક : યુડીએ-૧૧૨૦૦૬-૨૭૯૫-વ, થી સુરત શહેરી વિકાસ સત્તા મંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની, ડ્રાફ્ટ ટી. પી. સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં. ૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાનાં નગર નિયોજન સમિતિ ઠરાવ નં. ૧૦/૨૦૦૮, તા. ૫-૩-૨૦૦૮થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૬૯માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી દર્શાવેલ ગોડાદરા અને ડીંડોલી વિસ્તાર માટે નગર રચના યોજના, સુરત નં. ૬૯ (ગોડાદરા-ડીંડોલી) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગર સેવા સદનનાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગના નોટીસ બોર્ડ પર, સુરત મહાનગર સેવા સદન, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત
તા. - -૨૦૦૮

અપર્ણા,
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

## ઠરાવ

**સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૫-૩-૨૦૦૮ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.**

મ્યુ. કમિશ્નરશ્રીનાં તા. ૨૭-૨-૨૦૦૮નાં પત્ર નં. સી.મી.સ./૮/૪૦થી વિદિત થઈ, સૂચિત નગર રચના યોજના, સુરત નં. ૬૯ (ગોડાદરા-ડીંડોલી) તૈયાર કરવા અંગે ફાઈલમાં સામેલ નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારોમાં નગર રચના યોજના, સુરત નં. ૬૯(ગોડાદરા-ડીંડોલી) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ અધિસુચન મંજુર કરવાનું તથા સદર અધિસુચનને બહોળો ફેલાવો ધરાવતા બે સ્થાનિક દૈનિક વર્તમાન પત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું તથા ઈરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીનાં રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સક્ષમ સત્તાની મંજુરી મેળવી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં. ૧૦/૨૦૦૮ સર્વાનુમતે મંજુર**

---

## સુરત મહાનગરપાલિકા

**મોજે : ઉત્રાણ વિસ્તારની નગર રચના યોજના સુરત નં. ૭૩ (ઉત્રાણ) તૈયાર કરવા બાબત**

## અધિસુચન

ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૭-૧૨-૦૬ના હુકમ ક્રમાંક : યુડીએ-૧૧૨૦૦૬-૨૭૯૫-વ, થી સુરત શહેરી વિકાસ સત્તા મંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની, ડ્રાફટ ટી. પી. સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એકટ નં. ર૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાનાં નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૧૧/૨૦૦૮, તા. ૫-૩-૨૦૦૮થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૭૩માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી દર્શાવેલ ઉત્રાણ વિસ્તાર માટે નગર-રચના યોજના, સુરત નં. ૭૩(ઉત્રાણ) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગર સેવા સદનમાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગના નોટીસ બોર્ડ પર, સુરત મહાનગર સેવા સદન, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત

તા. - -૨૦૦૮

આપણાં,

કમિશ્નર,

સુરત મહાનગરપાલિકા.

---

## ઠરાવ

**સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૫-૩-૨૦૦૮ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.**

મ્યુ. કમિશ્નરશ્રીનાં તા. ૨૭-૨-૨૦૦૮નાં પત્ર નં. સીમીસ/૮/૩૯થી વિદિત થઈ, સુચિત નગર રચના યોજના, સુરત નં. ૭૩ (ઉત્રાણ) તૈયાર કરવા અંગે ફાઈલમાં સામેલ નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારમાં નગર રચના યોજના, સુરત નં. ૭૩(ઉત્રાણ) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું ઈરાદો જાહેર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ અધિસુચન મંજુર કરવાનું તથા સાદર અધિસુચનનો બહોળો ફેલાવો ધરાવતા બે સ્થાનિક દૈનિક વર્તમાન પત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું તથા ઈરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીનાં રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સક્ષમ સત્તાની મંજુરી મેળવી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં. ૧૧/૨૦૦૮ સર્વાનુમતે મંજુર**

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.